# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-03-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

1) **ગુજરાત વિધાનસભામાં આજે સમાન નાગરિક સંહિતા-UCC વિધેયક રજૂ કરાયું.**
2) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું રાજ્યસભામાં નિવેદન-સરકાર ઘરેલુ ગેસ પુરવઠામાં LPG ઉપરાંત PNG પર પણ ભાર આપી રહી છે.**
3) **રાજ્ય સરકારે કેટલાક મહત્વના ફેરફાર કરી વાણિજ્યિક LPGની ફાળવણીમાં વધારો કર્યો**
4) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતેથી સુગમ ડિજિટલ ગુજરાત' પહેલનો પ્રારંભ કરાવ્યો**
5) **આગામી બે દિવસ રાજ્યમાં ગરમી વધવાની આગાહી**
6) **87મી આંતર રાજ્ય ટેબલ ટેનિસ સ્પર્ધામાં ગુજરાતની અંડર-15 ટીમ સેમિફાઇનલમાં પહોંચી**

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GUJARAT UCC

ગુજરાત વિધાનસભામાં આજે સમાન નાગરિક સંહિતા-UCC વિધેયક રજૂ કરાયું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વિધેયક રજૂ કરતા કહ્યું ધર્મ કે વ્યક્તિ વિશેષને ધ્યાનમાં લીધા વિના તમામને લાગુ પડશે.આ વિધેયક અનુસાર લગ્ન નોંધણી પણ ફરજિયાત બનશે.આ વિધેયક કાયદાકીય સમાનતા અને નાગરિક અધિકારોને વધુ મજબૂત બનાવશે.

વિધેયક અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે આ વિધેયક હેઠળ દીકરીને પિતાની મિલકતમાં અને પત્નીને પતિની મિલકતમાં હક મળશે.ઉપરાંત ખ્રિસ્તી અને મુસ્લિમ મહિલાઓને પણ આ હક્ક હિસ્સો આપવાની જોગવાઇ કરાઇ છે.

(બાઇટ : હર્ષ સંઘવી નાયબ મુખ્યમંત્રી)

# PM – RS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે વાતચીત અને રાજદ્વારીને ટેકો આપ્યો છે.પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ પર ભારતના વલણને સ્પષ્ટ કરતા,પ્રધાનમંત્રીએ રાજ્યસભામાં જણાવ્યું હતું કે ભારતે હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવાનો અને તણાવ ઓછો કરવાનો મુદ્દો ઉઠાવ્યો છે. શ્રી મોદીએ ગૃહને માહિતી આપી હતી કે ભારતે છેલ્લા 11 વર્ષમાં ઉર્જા આયાતના સ્ત્રોતોને 27 દેશોથી વધારીને 41 દેશો સુધી પહોંચાડ્યા છે,જેનાથી કોઈપણ એક દેશ પરની તેની નિર્ભરતા ઓછી થઈ છે.

## (BYTE- PM ON LPG)

પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે આશરે 10 મિલિયન ભારતીયો ગલ્ફ દેશોમાં રહે છે અને કામ કરે છે.તેમના જીવન અને આજીવિકાની સલામતી સુનિશ્ચિત કરવી પણ ભારત માટે એક મોટી ચિંતાનો વિષય છે.

# MONA KHANDHAR- LPG

રાજ્ય સરકારે કેટલાક મહત્વના ફેરફાર કરી વાણિજ્યિક LPGની ફાળવણીમાં વધારો કર્યો છે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અધિક મુખ્ય સચિવ મોના ખંધારે જણાવ્યું, અગાઉ જે સેક્ટર્સને PNGની 10 ટકા ફાળવણી કરેલી છે તેમાં વધારો કરીને 25 ટકાની કરાશે. ધાર્મિક સંસ્થાઓને 10 ટકાની જગ્યાએ 25 ટકાની ફાળવણી કરાશે.

(બાઇટ : મોના ખંધાર, અધિક મુખ્ય સચિવ)

# CM – SUGAM DIGITAL GUJARAT PROGRAMME

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે સુગમ ડિજિટલ ગુજરાત' પહેલનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ GARC – ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ રીફોર્મ્સ કમિશનના પાંચમા અહેવાલની ભલામણો આધારે, રાજ્યના 5 મુખ્ય વિભાગોની 20 હાઈ-ટ્રાન્ઝેક્શન સેવાઓનું ઓનલાઈન સરલીકરણ જાહેર કર્યું હતું.

આ પહેલ દ્વારા હવે આવક-જ્ઞાતિના દાખલા, રેશનકાર્ડ અને સોગંદનામા જેવી પાયાની સેવાઓ 'ફેસલેસ, કેશલેસ અને પેપરલેસ' બનશે. મુખ્યમંત્રીશ્રીએ આ કાર્યક્રમ અંતર્ગત જણાવ્યું કે, જે નાગરિકો સરકારી યોજનાઓને પાત્ર હોય, તેઓ તેનો પૂરો લાભ લઈ શકે એવો સરકારનો હંમેશા પ્રયત્ન હોય છે.

**(બાઇટ – મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)**

# HEALTH COUNCIL – PRAFUL PANSERIYA

આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયા ની અધ્યક્ષતામાં આજે ગાંધીનગરના રાયસણ સ્થિત ઈન્ટરનેશનલ ઓટોમોબાઈલ સેન્ટર ઓફ એક્સિલેન્સ ખાતે રાજ્યકક્ષાની દ્વિતીય 'સ્વાસ્થ્ય પરિષદ' સંપન્ન થઈ હતી. આ અવસરે મંત્રીશ્રીના હસ્તે 'સ્ટેટ ઓફ એડોલેસેન્ટ ગર્લ્સ – 2025' રિપોર્ટનું વિમોચન કરવામાં આવ્યું હતું.

પરિષદને સંબોધતા મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે આ સ્વાસ્થ્ય પરિષદમાં માતા અને બાળ આરોગ્ય સુખાકારી, માનસિક અને પ્રજનન સ્વાસ્થ્યની સમસ્યાઓ, સંચારી રોગોની અટકાયત જેવા વિષયો પર નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન અને ચર્ચા કરવામાં આવશે.

રાજ્યમાં શિશુ મૃત્યુ દર ઘટાડવાના પ્રયાસો અંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, સરકાર દ્વારા ઓક્સિજન અને કાર્ડિયાક જેવી સુપર સ્પેશિયાલિસ્ટ સુવિધાઓથી સજ્જ 11 નવી 'મિની આઈસીયુ' એમ્બ્યુલન્સ કાર્યરત કરવામાં આવી છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# KUTCH- Inter-state and Cadet National Table Tennis Championships

કચ્છના એમ. પી. મિત્રા ઈન્ડોર સ્ટેડિયમ ખાતે 87મી આંતર રાજ્ય અને કેડેટ નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં  આજે ગુજરાતની અંડર-15 બોયઝ ટીમ સેમિફાઇનલમાં પહોંચી.

ગુજરાતની ટીમે પીએસપીબી-એ ટીમને 3-0થી હરાવી હતી અને અંતિમ ચાર ટીમમાં સ્થાન હાંસલ કર્યું  હતું. વિવાન અને દેવ ભટ્ટની જોડીએ પીએસપીબીની જોડીને 3-0થી હરાવીને ગુજરાતને સફળતા અપાવી હતી.

આ વિજય સાથે ગુજરાતનો સામનો તામિલનાડુ અને NCOE વચ્ચેની મેચના વિજેતાઓ સાથે થશે.

# WORLD TB DAY – DISTRICT

આજે રાજ્યભરમાં વિશ્વ ક્ષય દિવસની ઉજવણી થઈ હતી.તે અંતર્ગત ડાંગ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને આહવા ખાતે ત્રણેય તાલુકાની કુલ 45 ગ્રામ પંચાયતોને “ટીબી મુક્ત ગ્રામ પંચાયત” કાર્યક્રમ અંતર્ગત સન્માનિત કરવામાં આવી હતી.સાબરકાંઠા,છોટાઉદેપુર જિલ્લામાં તેમજ બનાસકાંઠાના પાલનપુર સિવિલ હોસ્પિટલથી કિર્તીસ્તંભ સુધી ‘ટીબી મુક્ત ભારત’ જનજાગૃતિ રેલી યોજાઈ.

મહેસાણા જિલ્લાની 600 પંચાયતોમાંથી 146 પંચાયતો ટી બી મુક્ત જાહેર કરવામાં આવી છે.

તાપી જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ ક્ષય રોગના લક્ષણો, સમયસર નિદાન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

નવસારીના વાંસદા તાલુકાના ભીનાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ટીબી રોગ અંગે સારવાર અને મળતા લાભ વિશે જાણકારી આપવામાં આવી હતી.

બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ પાટણ દ્વારા જિલ્લાના ટીબીના 700 દર્દીઓને પોષણ સહાયરૂપે વિનામૂલ્યે ન્યુટ્રિશન કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.રાજકોટ જિલ્લામાં ટી.બી.ના દર્દીઓને પોષણકીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.